GJAN020021692018

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૪/૨૦૧૮ | | |
| નોંધ્યા તારીખ | ૦૬/૦૪/૨૦૧૮ | | |
| નિર્ણય તારીખ | ૦૮ /૦૮/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૮ | ૦૪ | ૦૨ |

## FORM–A

| ચોથા એડિશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–આણંદ | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૦૮ /૦૮/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નં.** | ૧૬૩૨/૨૦૧૮ |
| **ગુના રજી. નં.** | ૧૨/૨૦૧૮ |
| **ફરીયાદી** | શ્રી સરકાર (મુળ ફરીયાદી વિરલકુમાર ભુપેન્દ્રકુમાર પટેલ )<br>રહે.સેવાલીયા ગામ, પટેલ ફળીયુ,<br>તા.ગળતેશ્વર,જી.મહીસાગર |
| **ફરીયાદી પક્ષ તરફે** | વિદ્વાન એ.પી.પી.શ્રી સી.ડી.પરમાર |
| **આરોપીઓ** | શ્રી પટેલ ટ્રાવેલ્સ લકઝરી બસના ચાલક<br>મનોહરસિહ લક્ષ્મણ સિહ સિસોદીયા<br>રહે.શેખપાટ ગામ,તા.જી.જામનગર,<br>મુળ રહે.અડવાસ, તા.સરાડા,<br>જી.ઉદેપુર(રાજસ્થાન) |
| **આરોપી તરફે** | વિ.વકીલ શ્રી જે.જી.વાઘેલા |

## FORM–B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૦૬/૦૨/૨૦૧૮ |
| **એફ.આઈ.આર.ની તારીખ** | ૦૬/૦૨/૨૦૧૮ |

| | |
|---|---|
| પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ | ૧૬/૦૧/૨૦૨૦ |
| પુરાવાની શરુઆતની તારીખ | ૨૦/૦૪/૨૦૨૦ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ------ |
| ચુકાદાની તારીખ | ૦૮ /૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | --------- |

## -: આરોપીની વિગત :-

| આરોપી નો અનું. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત ની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | **Cr.P.C.** કલમ ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મનોહરસિહ લક્ષ્મણ સિહ સિસોદીયા | ૦૭-૦૨-૨૦૧૮ | -- | ઈ.પી.કો.ની કલમ-૨૭૯,૩૩૭, ૩૩૮,૩૦૪(અ) તથાએમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ | | -- | -- |

## FORM-C

## -: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી :-

### (એ). ફરીયાદ પક્ષ તરફે મૌખિક પુરાવા :-

### મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :-

| અનુ. નં. | નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| PW-1 | વિરલકુમાર ભુપેન્દ્રભાઇ પટેલની જુબાની | ફરીયાદી | ૦૯ |
| PW-2 | હેમંતભાઈ બાબુભાઈ વાઘેલાની જુબાની | સાહેદ | ૧૧ |
| PW-3 | રાજેન્દ્રસિહ ગૌતમસિહ રાઠોડની જુબાની | સાહેદ | ૧૨ |
| PW-4 | શંકરજી અભુજી ચાવડાની જુબાની | સાહેદ | ૧૩ |
| PW-5 | જીતેન્દ્રભાઈ ગોરધનભાઈ સાખીયા | સાહેદ | ૧૪ |
| PW-6 | વાલજીભાઈ મેસુરભાઈ ગોહીલની જુબાની | સાહેદ | ૧૬ |

| | | | |
|---|---|---|---|
| **PW-7** | પ્રવિણસિહ પ્રતાપસિહ સોલંકીની જુબાની | પંચ સાહેદ | ૨૭ |
| **PW-8** | દિવાનસિહ ભગવાનસિહ વાળાની જુબાની | ત.ક.અ. | ૩૦ |

**(બી). બચાવ પક્ષ.**

| **અનુ. નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| DW | કોઈ સાહેદ તપાસેલ નથી. | ---- |

**(સી).અદાલત દવારા.**

| **અનુ. નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| CW | કોઈ સાહેદ તપાસેલ નથી. | ---- |

**(એ). ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવા :-**

| **અનુ.નં.** | વિગત | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૧૦ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૯ |
| ૦૩ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૨૦ |
| ૦૪ | ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ | ૨૧ |
| ૦૫ | આણંદ ઓર્થોપેડીક હોસ્પિટલ નુ રાજેન્દ્રસિહ જી.રાઠોડનુ સર્ટી | ૨૨ |
| ૦૬ | સુધીરભાઈ જે. સાખીયાનો પી.એ.રીપોર્ટ | ૨૩ |
| ૦૭ | સ્થળ પરીક્ષણનો અહેવાલ | ૨૪ |
| ૦૮ | મરણ પ્રમાણપત્ર | ૨૫ |

**(બી). બચાવ પક્ષ દ્વારા કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | - | |
| ૦૨ | - | |

**(સી). અદાલત દ્વારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | - | |
| ૦૨ | - | |

**(ડી). સદરહુ કામે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે**

| **અનુ.નં.** | **વિગત** |
|---|---|
| ૦૧ | - |

**-: ઠ રા વ :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૬/૦૨/૨૦૧૮ ના કલાક.૦૪/00 મોજે.વડોદ તાબે રૂપારેલ સીમ ને.હા.નં.૪૮ રોડ અમદાવાદથી વડોદરા જવાના રોડ ઉપર પોતાના કબ્જાની શ્રી પટેલ ટ્રાવેલ્સ લક્ઝરી બસ નં.જી.જે.૧૪ વી. ૫૫૮૮ ની પુરઝડપે બેફીકરાઈ અને ગફલતભરી રીતે ચલાવી આગળ જતા કોઈ અજાણ્યા વાહનનાં પાછળના ભાગે અથડાવી લક્ઝરીમાં બેઠેલ ફરીયાદીના મામાના દિકરા સાહેદ સુધીરભાઇ જીતેન્દ્રભાઇ સખીયા ઉ.વ.૨૪ રહે.જામનગર નાઓને અકસ્માતમાં શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ જઈ તથા સા.નં.૬ વાલજીભાઈને જમણા પગે ગંભીર ઈજા પહોંચાડી તથા સા.નં.૭ ને શરીરે સાધારણ ઈજાઓ પહોંચાડી ગુનો કરી, ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ ૧ ૭૭, ૧૮૪ મુજબનો ગુનો નોંધેલ અને તપાસના અંતે ત.ક.અ.એ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મુલ્યે પુરી પાડવામાં આવેલી. આક્ષેપિત ગુના અંગે આંક–૦૭ થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આરોપીની આંક–૦૮ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં, આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ, સદરહું ગુનાના કામે આરોપી હાજર રહેતા ન હોય, આરોપી ઉપર અવાર–નવાર પકડ વોરંટ કાઢવામાં આવેલ હોય, પરંતુ આરોપીને કોર્ટ સમક્ષ હાજર રખાવી શકેલ નથી અને આરોપી નજીકના ભવિષ્યમાં

મળી આવે તેમ નથી અને તેની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબ પડે છે. તેથી આ તમામ સં જોગોનો લક્ષમાં લઈ સી.આર.પી.સી. કલમ–૨૯૯(૧) અન્વયે આરોપીની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) સદરહું કામે ફરિયાદપક્ષ તરફે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ હોય, અગાઉ દર્શાવ્યા મુજબ આરોપી વિરૂઘ્ઘ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ અન્વયે આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંઘવાનો હુકમ થયેલ હોય, તેમજ આરોપી વિરૂઘ્ઘ પુરતો પુરાવો આવેલ ન હોય, તે સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંઘવામાં આવેલ નથી.

(૪.૧) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીનાઓની દલીલો સાં ભળવામાં આવેલ.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયીક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

**:: મુ દ્દા ઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૩/૨૦૨૨ના રોજ કલાક ૧૧/૦૦ આ કામના આરોપીએ તા.૦૬/૦૨/૨૦૧૮ ના કલાક.૦૪/00 મોજે.વડોદ તાબે રૂપારેલ સીમ ને.હા.નં.૪૮ રોડ અમદાવાદથી વડોદરા જવાના રોડ ઉપર પોતાના કબ્જાની શ્રી પટેલ ટ્રાવેલ્સ લકઝરી બસ નં.જી.જે.૧૪ વી. ૫૫૮૮ ની પુરઝડપે બેફીકરાઇ અને ગફલતભરી

રીતે ચલાવી આગળ જતા કોઇ અજાણ્યા વાહનનાં પાછળના ભાગે અથડાવી લક્ઝરીમાં બેઠેલ ફરીયાદીના મામાના દિકરા સાહેદ સુધીરભાઇ જીતેન્દ્રભાઇ સખીયા ઉ.વ.૨૪ રહે.જામનગર નાઓને અકસ્માતમાં શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર મરણ જઈ તથા સા.નં.૬ વાલજીભાઈને જમણા પગે ગંભીર ઈજા પહોંચાડી તથા સા.નં.૭ ને શરીરે સાધારણ ઈજાઓ પહોંચાડી ગુનો કરી, ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

**<u>–: નિર્ણયો:–</u>**

(૭) આરોપી સામે આક્ષેપ મુજબનો ગુનો સાબિત થવા માટે નીચે જણાવેલ જોગવાઈ દીઠ ઘટકો નિ:શંકપણે પુરવાર થવા અગત્યના છે.

**ઈ.પી.કો. કલમ ૨૭૯ :–**

અ. કોઈ વ્યકિત જાહેર માર્ગ ઉપર, બેદરકારી અથવા ગફલતભરી રીતે પોતાનું વાહન ચલાવે અથવા સવારી કરે.

બ. કે જેથી મનુષ્યની જીંદગી ભયમાં મુકાતી હોય અથવા કોઈ વ્યકિતને ઈજા અથવા નુકશાન થવાની સંભાવના ઉત્પન્ન થાય.

**ઈ.પી.કો. કલમ ૩૩૭ :–**

કોઈ વ્યકિત, મનુષ્યની જીંદગી કે અન્ય વ્યકિતની શારીરિક સલામતી જોખમમાં મુકાય, તે રીતના પોતાના બેદરકારી અથવા ગફલત ભર્યા કૃત્યના કારણે, કોઈ વ્યકિતને સામાન્ય પ્રકારની ઈજા પહોંચાડે.

**ઈ.પી.કો. કલમ ૩૩૮ :–**

કોઈ વ્યકિત, મનુષ્યની જીંદગી કે અન્ય વ્યકિતની શારીરિક સલામતી જોખમમાં મુકાય, તે રીતના પોતાના બેદરકારી અથવા ગફલત ભર્યા કૃત્યના કારણે, કોઈ વ્યકિતને ગંભીર પ્રકારની ઈજા પહોંચાડે.

**કલમ– ૩૦૪(અ)**

બેદરકારીથી મૃત્યુ નિપજાવવા બાબત.

જે કોઈ વ્યકિત, ગુનાહિત મનુષ્યવધ ન ગણાય એવું બેફામ રીતે કરેલું કે બેદરકારીભર્યુ કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**કલમ – ૧૭૭ ગુનાઓની શિક્ષા માટે સામાન્ય જોગવાઈ :–**

આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ વિનિમય અથવા જાહેરનામાંની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર તે ગુના માટે એક સો રૂપિયા સુધીની દંડની શિક્ષાને પાત્ર થશે. ત્યારપછીના ગુના માટે ત્રણસો રૂપિયા સુધીની શિક્ષાને પાત્ર થશે.

**કલમ – ૧૮૪ બેફામ કે જોખમી રીતે વાહન ચલાવવા બાબત :–**

વાહન ચલાવવામાં આવતું હોય તે જગાના સ્વરૂપ સ્થિતિ અને ઉપયોગ તથા તે જગામાંના તે વખતના ખરેખરા ટ્રાફિકના પ્રમાણ અથવા ત્યાંના વાજબી રીતે અપેક્ષિત ટ્રાફિકના પ્રમાણપત્ર સહિત કોઈ કિસ્સાના તમામ સંજોગો ધ્યાને લેતાં લોકો માટે જોખમી હોય તેથી

ઝડપે કે રીતે મોટરવાહન ચલાવનાર પહેલી વખતે તે ગુનો સાબિત થયેથી ૬ મહિના સુધીની કેદની અથવા રૂા.૧૦૦૦/– સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે અને એવો ગુનો અગાઉ કર્યાના ૩ વર્ષની અંદર કરેલો ત્યાર પછીનો ગુનો સાબિત થયે ર વર્ષ સુધીની કેદની અથવા રૂા.ર૦૦૦/– સુધીના દંડની શિક્ષાને અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

## <u>–: કા ર ણો :–</u>

(૮) હાલના કામે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે આંક–૦૯ થી ફરીયાદી વિરલકુમાર ભુપેન્દભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદી સોગંદ ઉપર કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, '' હુ સેવાલીયા મુકામે મારા પરીવાર સાથે રહુ છુ અને થર્મલ પાવર સ્ટેશનમા નોકરી કરુ છુ. તા. ૬/ર/૧૮ ના રોજ હુ મારા ધરે હતો ત્યારે સવાર ના પાચેક વાગ્યાના સુમારે મારા કુટુંબી કાકા દીલીપભાઈનો મોબાઈલ ઉપર જીતેન્દ્રભાઈનો ફોન આવેલો અને જણાવેલ કે સુધીરને વાસદ નજીક રુપારેલ બ્રીજ પાસે અકસ્માત થયેલ છે અને સુધીરને ઈજા થયેલ છે અને તમે અકસ્માતવાળી જગ્યાએ જાવ તેમ જણાવતા દીલીપભાઈ તથા હું તથા મારા માતા લીલાબેન તથા મહેશ્વરીબેન ગાડી લઈ બનાવવાળી જગ્યાએ ગયેલા, અને ત્યા એક બસને અકસ્માત થયેલો હતો, અને ત્યા જાણવા મળેલ કે સુધીરભાઈને સ્થળ ઉપર મોત નીપજેલ હતુ અને તેઓનેવાસદ સરકારી હોસ્પીટલમા લઈ ગયેલછે અને અમો વાસદ મુકામે ગયેલા ત્યા પી.એમ. રુમમા સુધીરની લાશ સ્ટ્રેચર ઉપર સુવાડવાયેલ હતી અને તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી તેમજ શરીરના અન્ય ભાગો ઉપર પણ ઈજાઓ થયેલી અને અમોને જાણવા મળેલ કે બસમાના બીજા મુસાફરોને પણ ઈજા થયેલ છે અને

તેઓને હોસ્પીટલમા લઈ ગયેલા છે આ બસનો નંબર કયો હતો તે મે જોયેલ નહી અને બસની ગતી કેવી હતી તે પણ મે જાણેલ નહી. અને બસને શેની સાથે અકસ્માત થયેલો તે પણ મે જાણેલ નહી. આ બનાવ બાતે મે વાસદ પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલી.''

ફરિયાદીએ પોતાના કેસને સમર્થન આપેલ ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરેલી જેમાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નહીં.

(૮.૧) તેઓની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરીછે કે આ અકસ્માતની જાણ મને ટેલીફોનથી થયેલી, એ વાત ખરી છે આ અકસ્માત મે જાતે અનુભવ્યો હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આ અકસ્માતનુ વળતર મેળવવા માટે મારા મામાએ કેસ પણ કેરલ છે. એ વાત ખરી છે કે મને માત્ર અકસ્માત થયેલાની જાણ થયેલી. એ વાત ખરી છે કે મને બનાવ અંગે કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છેકે બનાવ કોની બેદરકારીથી બનેલો તે હુ કહી ના શકુ. ''

(૯) સદરહું કામે આંક–૧૧ થી સાહેદ હેમંતભાઈ બાબુભાઈ વાઘેલાનાઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, '' તા. ૫/૨/૧૮ ના રોજ રાતના આઠેક વાગે અમારી બસ જામનગરથી સુરતના પેસેન્જર ભરી રાત્રીના આઠ વાગુ ડ્રાઈવર –કલીનર સાથે નીકળેલા અને તા. ૬/૨/૧ ૮ ના વહેલી સવારે પાચેક વાગ્યાના સુમારે અમારા ભાગીદાર મહેશભાઈ શર્માનો મારી ઉપર ફોન આવેલ કે બસને આણંદ પાસે ને. હા. નં. ૪૮ ઉપર અકસ્માત થયેલો છે અને એક ભાઈ મરણ ગયેલ છે અને બીજાઓને ઈજાઓ થયેલ છે અને ડ્રાઈવર

બસ મુકી ભાગી ગયેલ છે જેથી હુ બનાવવાળી જગ્યાએ ગયેલો અને અમારી બસ ગુપ્તા હોટલના કંપાઉન્ડમા હતી અને તેનો આગળનો ભાગ તુટી ગયેલો હતો અને ઘણુ નુકશાન થયેલુ હતુ અને બ્રીજ પાસે આગળ એક ટ્રૂક જતી હતી તે ટ્રકના ચાલકે અમારી લાઈનમા તેની ગાડી દબાવતા લકઝરી બસના ચાલક ડાંઈવર સાઈડના પાછળના ભાગે અથડાયેલી અને લકઝરી બસનો આગળનો ખાલી સાઈડનો ભાગ તુટેલો અને એક ભાઈ રોડ ઉપર ફેંકાઈ ગયેલા અને તેમને માથામા તથા અન્ય ભાગે ઈજાઓ થયેલી અને સ્થળ ઉપર મરણ ગયેલા અને બસમા બે –ત્રણ વ્યકિતઓને ઈજાઓ થયેલી. આ ગાડીના ચાલક સાથે મારે કોઈ વાતચીત થયેલી નહી. મે ગાડીના ચાલકને પોલીસ સ્ટેશનમા રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. પોલીસ મારુ નીવેદન લીધેલુ.''

ફરિયાદીએ પોતાના કેસને સમર્થન આપેલ ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરેલી જેમાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નહીં.

(૯.૧) સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતાં કબુલ કરેલ છે કે,''એવાત ખરી છે કે બનાવ ની જાણ મને ટેલીફોનથી થયેલી. એ વાત ખરી છેકે બનાવ બાબતે મને બીજી કોઈ માહીતી નથી. એ વાત ખરી છેકે બનાવ મે નજરો નજર જોયેલ નથી. એ વાત ખરી છેકે બનાવ સમયે કોણ ડ્રાઈવર તથા કલીનર હતા તેની પણ મને જાણ નથી. એ વાત ખરી છેકે આ બનાવ માત્ર એક અકસ્માત હતો.''

(૧૦) સદરહું કામે આંક–૧ર થી સાહેદ રાજેન્દ્રસિહ ગૌતમસિહ

રાઠોડનાઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, '' હું ઉપરના સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને કલીનર તરીકે મારુ ગુજરાન ચલાવુ છુ. અને છેલ્લા ૧૪–૧૫ વર્ષથી હેમંતભાઈ બાબુભાઈ નાઓની પટેલ ટ્રાવેલ્સ લકજરી બસમા કલીનર તરીકે કામ કરુછુ, અમારી સાથે ડ્રાઈવાર અલગ અલગ બંદલાતા હોય છે. તા. ૫/૨/૧૮ ના રોજ હુ પટેલ ટ્રાવેલ્સ લકઝરીમા જામનગરથી સુરતના પેસેન્જર ભરી રાત્રીના આઠ વાગે નીકળેલા તે સમયે મારી સાથે ડ્રાઈવર કોણ હતા તે હાલ યાદ નથી. અને અમારી બસ તા. તા. ૬/૨/૧૮ ના રોજ વહેલી સવારે ચારેક વાગે હુ સુતો હતો ત્યારે અકદમ અવાજ થતા હુ જાગી ગયેલો અને જોયેલ તો અમારી બસને ખાલી સાઈડે આગળ જતી ટ્રક સાથે અથડાયેલી જેથી હુ નીચે ઉતરેલો અને તયા એક ભાઈ બસનીબહાર ફેકાઈ ગયેલા ને મરણ ગયેલા,આ અકસ્માતમા મને કમરના ભાગે કચચરમાર વાગેલો અને ડ્રાઈવર બસ મુકી ભાગી ગયેલો. અને ઈજા પામનારનાઓને તથા મને આણંદ હોસ્પીટલમા સારવાર માટે લઈ ગયેલા, પોલીસે મારુ નીવેદન નોધેલુ. આ બસ કોણ ચલાવતુ હતુ તેના ડ્રાઈવરને જોયે ઓળખી શકુ નહી. તથા બસની ગતી કેવી હતી તે પણ કહી શકુ નહી.''

ફરિયાદીએ પોતાના કેસને સમર્થન આપેલ ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરેલી જેમાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નહીં.

**(૧૦.૧)** સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતાં કબુલ કરેલ છે કે,'' એવાત ખરી છેકે બનાવ સમયે હુ સુતો હતો. એ વાત ખરી છેકે બનાવ બાબતે મને બીજી કોઈ માહીતી નથી. એ વાત ખરી છેકે બનાવ બનયો ત્યારે હુ સુતો હતો અને એકદમ અવાજ થતા હુ જાગી ગયેલો તેથી બનાવ કેવી રીતે બન્યો તેની મને કોઈ જાતમાહીતી

નથી.''

**(૧૧)** સદરહું કામે આંક–૧૩ થી સાહેદ શંકરજી અભુજી ચાવડાનાઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''હું નડીયાદ મુકામે મારા પરીવાર સાથે રહુ છુ અને મજુરી કરુ છુ. તા. ૬/૨/૧૮ ના રોજ મારે સુરત ખાતે સંબંધીને ત્યા લગનમા જવાનુ હોઈ રાતના ત્રણેક વાગયે લકઝરી બસમા સુરત જવા માટે બેઠેલો, અને વહેલી સાવરના ચાકે વાગે હુ બસમા સુતો હતો ત્યારે એકદમ અવાજ થતા હું જાગી ગયેલો. અને જોયેલ તો લકઝરી બસની ખાલી સાઈડે આગળ જતી ટ્રક સાથે અથડાયેલી જેથી હું નીચે ઉપરેલો અને તયા એક ભાઈ બસની બહાર ફેકાઈ ગયેલા અને તેઓને શરીરે ઈજાઓ થયેલી અને સ્થળ ઉપર મરણ ગયેલા, આ અકસ્માતમા મને કોઈ ઈજા થયેલ નહી. અને અકસ્માત મા એક ભાઈને પગમાં ઈજા ઓ થયેલી અને તેઓને ૧૦૮ મા દવાખાને લઈ ગયેલા આ બસનો નુબર શુ હતો તે મને હાલ યાદ નથી. આ બસની ગતી કેવી હતી તે હુ કહી શકુ નહી. મરણ જનારનુ નામ સુધીરભાઈ જોતેન્દ્રભાઈ નાઓનુ નામ જાણેલુ અને બીજા એક બે પેસેનજરને સામાન્ય ઈજાઓ થયેલી. આ બનાવ બાબતે મરણ જનારના સગા વીરલભાઈનાઓએ વાસદ પો.સ્ટેમા ફરીયાદ આપેલી, આ અકસ્માત ને. હા. નં. –૪૮ ઉપર રૂપારેલ સીમમા થયેલો. પોલીસે મારુ નીવેદન નોધેલું. આ બસ કોણ ચલાવતુ હતુ તેના ડ્રાઈવરને જોયે ઓળખી શકુ નહી.''

ફરિયાદીએ પોતાના કેસને સમર્થન આપેલ ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરેલી જેમાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નહીં.

(૧૧.૧) સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતાં કબુલ કરેલ છે કે,''એવાત ખરી છેકે પોલીસે મારુ નીવેદન તેમની જાતે લખી લીધેલુ, મે જાતે લખાવ્યુ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છેકે બનાવ બાબતે મને બીજી કોઈ માહીતી નથી. એ વાત ખરી છેકે બનાવ બનયો ત્યારે હું સુતો હતો અને એકદમ અવાજ થતા હુ જાગી ગયેલો તેથી બનાવ કેવી રીતે બન્યો તેની મને કોઈ જાતમાહીતી નથી.''

(૧૨) સદરહું કામે આંક–૧૪ થી સાહેદ જીતેન્દ્રભાઈ ગોરધનભાઈ નાઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''હું જામનગર મુકામે મારા પરીવાર સાથે રહુ છુ અને કારખાનામા નોકરી કરુ છુ. તા. ૬/૨/૧૮ ના રોજ હુ મારા ધરે હતો ત્યારે સવારના પાચેક વાગ્યાના સુમારે મારા દીકરાના મોબાઈલ ઉપર કોઈ અજાણી વ્યક્તિએ વાત કરેલી કે વાસદ નજીક રૂપારેલ બ્રીજ પાસે અકસ્માત થયેલ છે અને આ મોબાઈલ વાળા ભાઈને ઈજા થયેલ છે જેથી મે મારા સાડુભાઈ દીલીપભાઈને આ વાત કરેલી જેથી દીલીપભાઈ તથા મારા બહેન લીલાબેન તથા મારા સાળી મહેશ્વરીબેન ગાડી લઈ બનાવવાળી જગ્યાએ ગયેલા, અને મારા દીકરાની લાશને વાસદ દવાખાને પી.એમ કરાવી અંતિમ વિધી માટે અમારા વતન લાવેલા, આ અકસ્માત કયા વાહનથી થયેલો તથા તેની ગતી કેવી હતી તે અમને જાણવા મળેલ નહી તેમજ બનાવ કેવી રીતે બનેલો તે પણ જાણવા મળેલ નહી. પોલીસ બનાવ બાબતે મારુ નીવેદન નોધેલું.''

ફરિયાદીએ પોતાના કેસને સમર્થન આપેલ ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરેલી જેમાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ

હકીકતો રેકર્ડ ઉપર આવેલ નહીં.

**(૧૨.૧)** સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતાં કબુલ કરેલ છે કે,''એવાત ખરી છે કે આ અકસ્માતની જાણ મને ટેલીફોનથી થયેલી,એ વાત ખરી છેકે આ અકસ્માતનુ વળતર મેળવવા માટે અમોએ કેસ પણ કેરલ છે. એ વાત ખરી છેકે મને માત્ર અકસ્માત થયેલાની જાણ થયેલી. એ વાત ખરી છેકે મને બનાવ અંગે કોઈ જાત માહીતીનથી. એ વાત ખરી છેકે બનાવ કોની બેદરકારીથી બનેલો તે હુ કહી ના શકુ.''

**(૧૩)** સદરહું કામે આંક–૧૬ થી સાહેદ વાલજીભાઈ મેસુરભાઈ ગોહીલ નાઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''તા.૦૬/૦૨/૨૦૧૧, ના રોજ સવારે આશરે ૪ વાગે, વાસદ ચોકડી પાસે હું એક લકઝરી બસ તેનુ નામ લંકન પરી,કે જે પટેલ ટ્રાવેલ્સની તેનો નંબર – જીજે/૧૪/૫૫૮૮, જામનગરથી ભરુચ જતી હતી તેમા ઝાડેશ્વર, ભરુચ જવા માટે બેઠેલ હતો ત્યારે મારો એકટીડન્ટ થયેલ હતો. એક્સીડન્ટ કયા વાહન સાથે થયેલો તે મને ખબર નથી. એક્સીડન્ટ થવાથી મારા જમણા પગ ઉપર સાથળ ના મધ્યના ભાગે તથા માથાના મધ્ય ભાગે તથા કપાડના ભાગે ટાંકા આવેલા અને ડાબા પગે પછડાટ વાગેલો એ રીતની ઈજાઓ થયેલી. ઈજા થતા મને ૧૦૮ મા કરમસદ, ક્રીષ્ના હોસ્પીટલમા લઈ ગયેલ હતા, તે હોસ્પીટલ ખાતે અમોએ સારવાર કરાવેલ હતી. ત્યારબાદ વધુ સારવાર માટે મારી દિકરી કુસુમબેન મને વડોદરા નાયક હોસ્પીટલ ખાતે લઈ ગયેલ હતા. હોસ્પીટલ ખાતે મારુ ઓપરેશન કરવું પડેલું અને સાથળથી નીચેનો જમણો પગ કાપી નાખવામા આવેલ. હુ જે બસ મા બેઠેલ હતો તે બસ ખુબ ઝડપે ચાલતી હતી. બનાવ વખતે કોઇ વિરલકુમાર ભુપેન્દ્રભાઈ

નાઓએ ફરીયાદ આપેલ અને વાસદ પોલીસે બનાવ વખતે મારો જવાબ લીધેલો. લકઝરી બસના ડ્રાઈવરને હુ જોયે ઓળખી શકુ નહી.''

**(૧૩.૧)** સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતાં કબુલ કરેલ છે કે,''એ વાત ખરી છે કે કહેવાતા અકસ્માત ના બનાવ નુ વળતર મેળવવા માટે મે કેસ કરેલ છે, જે કેસ આણંદ ના ડીસ્ટ્રીકટ કોર્ટમા ચાલે છે. એ વાત ખરી છે કે હુ જામનગર થી ભરુચ આવવા માટે આજ પટેલ ટ્રાવેલ્સની બસનો ઉપયોગ કરતો હતો. એ વાત ખરી છે કે આજ ટ્રાવેલ્સની બસો મને સુરક્ષીત ભરુચ પહોંચાડતી હતી. એ વાત ખરી છે કે આ બનાવ માત્ર એક અકસ્માત હતો. એ વાત ખરી નથી કે બનાવ કોઈની ભુલ કે બેદરકારી થી થયેલ ન હતો. એ વાત ખરી છે કે આ બસ મા મુસાફરી કરી રહ્યા હતા ત્યારે અમો બસ મા આરામથી સુઈ રહ્યા હતા. એ વાત ખરી છે કે આ બનાવ કેટલા વાગે બન્યો તે હુ ચોક્કસ કહી શકુ નહી. એ વાત ખરી છે કે લક્ઝરી બસના ડ્રાઈવરને હું જોયે ઓળખી શકુ નહી. એ વાત ખરી છે બસ કેટલી સ્પીડ પર હતી તે બનાવ સમયે હુ કહી શકુ નહી તે સમયે હુ ઉંઘ મા હતો. એ વાત ખરી છે કે આ એક અકસ્માત હતો. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હતો અને હુ ખોટી જુબાની આપુ છુ.''

**(૧૪)** સદરહું કામે આંક–૨૭ થી પંચ સાહેદ પ્રવિણસિહ પ્રતાપસિહ સોલંકી નાઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''આજથી આશરે ૫–૬ વર્ષ પહેલા હું મજુરી કામે ખેતરમાં જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં પોલીસે મને ઊભો રાખી મને એક લખેલા તૈયાર કાગળ ઉપર સહી કરવાનું કહેતા અમોએ કરી આપેલી. મે કાગળ વાંચેલુ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલુ નહી. મે જ્યારે સહી કરી ત્યારે મારી સાથે બીજા અન્ય વ્યક્તિએ સહી કરેલી નહી. મને આંક ૧૯

વાળા પંચનામાની ઝેરોક્ષ બતાવવામાં આવે છે તેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ.''

ફરિયાદીએ પોતાના કેસને સમર્થન આપેલ ન હોય જેથી વિ.એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરેલી જેમાં ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ હકીકતો રેકર્ડ ઉપર આવેલ નહીં.

**(૧૪.૧)** સદર પંચ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતાં કબુલ કરેલ છે કે,'' એ વાત ખરી છે કે પોલીસે તૈયાર લખેલો કાગળમાં ફક્ત મારી સહીં કરાવેલી તે સિવાય બીજી કોઈ હકીકત હું જાણતો નથી. એ વાત ખરી છે કે હું પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ હોય અને મારી હાજરીમાં કોઈ વ્યક્તિએ જગ્યા બતાવેલ હોય અને ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ હોય તેવુ બનેલ નહી.''

**(૧૫)** સદરહું કામે આંક–૩૦ થી ત.ક.અ. દિવાનસિહ ભગવાનસિહ વાળા નાઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, '' હું સને ૨૦૧૮ થી ૨૦૧૯ સુધી વાસદ મુકામે પોસઈ તરીકે ફરજ બજાવતો હતો. તે વખતે તા.૦૬.૨.૨૦૧૮ના રોજ આ કામના ફરીયાદીએ આ કામનાઆ રોપી વિરુધ ઈપીકો ક.૨૭૯,૩૦૪ અ, ૩૩૭,૩૩૮ અને એમ.વી એક્ટ ૧૭૭, ૧૮૪ મુજબની આંક ૧૦ વાળી ફરીયાદ પીએસઓ બી.જી પરમાર રબરૂ આપેલી જેમાં ફરીયાદી તથા પીએસઓ ની સહિ છે. જે હું ઓળખી બતાવુ છું. સદર કામે ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોપતા અમોએ તપાસ સંભાળી લીધએલી . અમો સદર કામે આંક ૧૯ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામું તથા આંક ૨૦ થી ઈન્કવેસ્ટ પંચનામું અમો એ પંચોએ લખાવ્યા મુજબનુ લખી લીધેલ જેમાં પંચો તથા અમોની સહિ છે જે હું ઓળખી બતાવુ છું.

અણોએ સદર કામે સાબેદ નં.૬ થી ૧૨ના નિવદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા. ત્યારબાદ સદર કામે આંક ૨૧ થી નાયક સુપુર સ્પેસ્યાલીસ્ટનું સાહેદ વાલજીભાઈનું હોસ્પીટલનું સર્ટી. મેળવી સદર કામે રજુ રાખેલ છે. અમોએ આંક ૨૨ થી આણંદ ઓર્થોપીડીક હોસ્પીટલનું ઈજા પામનાર રાજેન્દ્રસિંહ રાઠોડનું ઇન્જરી સર્ટી રજુ રાખેલ છે. અમોએ આંક.૨૩ થી ગુજરનાર નું પીએમ રીપોર્ટ સીએચસી વાસદ ખાતે થી મેળવી સદર કામે રજુ રાખેલ છે. અમોએ આંક .૨૪ થી સ્થળ પરીક્ષણનો અહેવાલ સાઈન્ટીફીક ઓફિસર પાસે થી મેળવીને સદર કામે રજુ રાખેલ છે. ત્યારબાદ અમોએ આ કામના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો બનતો હોય ચાર્જશીટ અમોએ કરેલ હતુ. આ કામના આરોપીને અમોએ જે તે વખતે પોસ્ટેથી આરોપીના યોગ્ય જામીન મેળવીને મુક્ત કરેલ હતા. આ કામના આરોપીને અટક અમોએ કરેલ હતી. આ કામના આરોપીને જોએથી ઓળખી શકુ છું. આજરોજ આરોપી નામ કોર્ટમાં ગેર હાજર છે. ''

સદરહું કામે આરોપીની ગેરહાજરીમાં ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૯૯ મુજબ પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોય, ત્યારે ઉપરોકત ફરીયાદીની ઉલટ તપાસ લેવાયેલ નથી. ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં, ફરીયાદીની સોગંદ ઉપરની જુબાની અન્વયે હાલના આરોપીને આક્ષેપિત ગુનામાં સાંકળતો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૬) આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, હાલના કામે જુનો કેસ હોય, ઉપરોકત ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ તથા અન્ય સાહેદોને તપાસવામા આવેલા છે જેમા તેઓએ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકતો જણાવેલી નથી. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે રજૂ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી

પુરાવાઓ અન્વયે હાલના કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ–૧૭૭, ૧૮૪ મુજબ ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ તરફે પુરવાર થયેલ ન હોય,તે સંજોગોમાં આરોપીને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ),૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ–૧૭૭, ૧૮૪ અન્વયેના આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો સ્પષ્ટ અને સચોટ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રેકર્ડ પર આવેલ નથી.

(૧૭) આમ ફરીયાદ પક્ષે મુખ્યત્વે, મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, બનાવ સમયે આરોપી ડ્રાઈવર બેદરકારીથી અને ગફલતભરી રીતે પોતાના હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતા હતા. ફોજદારી કેસમાં બેદરકારી ભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવી શકાય નહી.

(૧૮) સદરહું કામના આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા નથી, નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પણ સરકયુલર બહાર પાડી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૯૯ અને ૩૫૩(૬) ના પ્રબંધોનો તેના ઉદ્દેશ અનુસાર ઉપયોગ કરવા માટે સુચનાઓ આપવામાં આવેલી છે. હાલનો કેસ ઘણો જુનો છે. આ કામે મોટા ભાગના તમામ સાહેદોની જુબાની નોંધાઈ ગયેલ છે અને આરોપી તરફે તેમના વિ.વ.શ્રી દવારા

ટ્રાયલ ચલાવવામાં આવેલ છે. પરંતુ એક સાહેદની જુબાની નોંધતી વખતે આરોપી હાજર રહેતા નથી. આરોપી વિરૂધ્ધ વારંવાર વોરંટ કાઢ વામાં આવેલ છે તેમ છતાં સદરહું કામના આરોપી ઘણા સમયથી કોર્ટમાં હાજર ન રહેતા હોય સદરહું કેસની કાર્યવાહી આગળ ચાલતી નથી. સદરહું જુના કેસમાં આજદિન સુધી પુરતો પ્રયત્ન કરવા છતાં આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી. જેથી કેસ વિલંબમાં પડે છે. જેથી સદરહું કામના આરોપી વિરૂધ્ધનો કેસ સી.આર.પી.સી. કલમ–૨૯૯(૧) અન્વયે સદરહું આરોપીની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. આમ, જયારે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી ત્યારે ફકત આરોપીની ગેરહાજરીના કારણે આ કેસ પડતર રાખવાથી ન્યાયનો કોઈ હેતુ સરે તેમ નથી અને આ કેસ પડતર રાખવાથી કેસોના ભારણમાં વધારો થાય તેમ છે. અદાલતો પર વધતા કેસોના ભારણમાં આવા કેસો પડતર રાખવાથી ખોટો વધારો કરવો ન્યાયોચિત જણાતું નથી. આ તમામ સંજોગોમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૯૯ તથા ૩૫૩(૬) ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપી સામેનો કેસ પણ પુરો કરવો ન્યાયના વિશાળ હિતમાં જરૂરી જણાઈ આવે છે.

(૧૯) આમ ફરીયાદ પક્ષે મુખ્યત્વે, મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, બનાવ સમયે આરોપી ડ્રાઈવર બેદરકારીથી અને ગફલતભરી રીતે પોતાના

હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતા હતા. ફોજદારી કેસમાં બેદરકારી ભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવી શકાય નહી.

આ બાબતમાં નામદાર ઓરીસ્સા વડી અદાલતે ૧૯૯૪ ક્રિમીનલ લો–જનરલ, પાના નંબર ૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' નાં કેસના ચૂકાદામાં ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving, in offence under sec.279 of IPC the ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established. Mere carelessness of error of judgement, not sufficient. Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused. Bare statement that vehicle was being driven in high speed, not sufficient and Accused entitled for acquittal.

(B) વધુમાં એમ ઠરાવેલ છે કે,"Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or

**(૧૫)** આમ ફરીયાદ પક્ષે મુખ્યત્વે, મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, બનાવ સમયે આરોપી ડ્રાઈવર બેદરકારીથી

અને ગફલતભરી રીતે પોતાના હવાલાવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતા હતા. ફોજદારી કેસમાં બેદરકારી ભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીથી ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવી શકાય નહી.

આ બાબતમાં નામદાર ઓરીસ્સા વડી અદાલતે ૧૯૯૪ ક્રિમીનલ લો–જનરલ, પાના નંબર ૩૮૯ પર પ્રસિધ્ધ થયેલ ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' નાં કેસના ચૂકાદામાં ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 – NEGLIGENCE – Rash and negligent driving, in offence under sec.279 of IPC the ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established. Mere carelessness of error of judgement, not sufficient. Accident resulting in death failure of prosecution to prove rash and negligent driving of accused. Bare statement that vehicle was being driven in high speed, not sufficient and Accused entitled for acquittal.

(B) વધુમાં એમ ઠરાવેલ છે કે,"Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :

Rash and negligent driving or riding on a public way.

The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgement. The essential ingredients of Section 279 are :

Rash and negligent driving or riding on a public way.

The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

(૧૯) આરોપી સામે હાલનો કેશ ફોજદારી કેસ હોય, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો પ્રમાણે ફરિયાદ પક્ષ તરફે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, જો ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો આરોપીને સજા કરી શકાય નહી. સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું કરવામાં આવેલ મુલ્યાંકન લક્ષમાં લેતા, આ કામે ઈજા પામનાર તથા નજરે જોનાર સાહેદોની જુબાની ધ્યાને લેતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આ કામે ફરીયાદી કે જેઓ મરણજનારના કુટુંબી છે તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાથી તેમણે આરોપીને ઓળખેલ નથી તેમજ અકસ્માતમાં સંડોવાયેલ વાહન બસના નાંબર પણ તેમને ખબર નથી તેવી રજુઆત કરેલ છે. વધુમાં આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રજૂ કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, આ સંજોગોમાં આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપિત ગુના ફરિયાદ પક્ષ

નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-: આખરી હુકમ :-</u>**

(૧) આ કામના આરોપી શ્રી પટેલ ટ્રાવેલ્સ લકઝરી બસના ચાલક મનોહરસિહ લક્ષ્મણસિહ સિસોદીયા રહે.શેખપાટ ગામ, તા.જી.જામનગર, મુળ રહે.અડવાસ, તા.સરાડા, જી.ઉદેપુર(રાજસ્થાન)નાઓને સી.આર.પી.સી.કલમ-ર પપ(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-ર૭૯, ૩૩૭, ૩૩૮,૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(ર) સદરહું કામે આરોપી વિરૂધ્ધનો હાલનો કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-ર૯૯ અન્વયે આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ થયેલ હોઈ જો અપીલ સમય દરમ્યાન આરોપી મળી આવે તો આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭ એ અન્વયે રૂા.૧ ૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર તેમજ તેટલી જ રકમના જાત જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૦૮, માહે : ઓગસ્ટ, સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :૦૮–૦૮–૨૦૨૬**
**આણંદ.**

**(એચ.જે. વસાવડા)**
**ચોથા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**આણંદ.**
(કોડ નંબર – **GJ01386**)

(કે.પી.પ્રજાપતિ)
ગુજરાતી સ્ટેનોગ્રાફર